વડોદરાના ચાર દરવાજામાં ભાજપના વોર્ડ મહામંત્રી અને ટ્રાફિક પોલીસ વચ્ચે ગરમાગરમી

'નિયમ શું માત્ર જનતા માટે? જો અમને મેમો ફાટતો હોય તો રસ્તો રોકનાર પોલીસ ચોકીને પણ દંડ આપો!'

પોલીસની 'દાદાગીરી' અને રિક્ષાચાલકો પ્રત્યેની 'ઉદારતા' સામે ભાજપ સંગઠન લાલચોળ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તારમાં ટ્રાફિક નિયમન મુદ્દે પોલીસ અને ભાજપના સંગઠન વચ્ચે ગજગ્રાહ ચરમસીમાએ પહોંચ્યો છે. વોર્ડ નં. 14ના ભાજપના મહામંત્રીના વાહનને ઈ-મેમો ફટકારવા જેવી સામાન્ય બાબતથી શરૂ થયેલો વિવાદ હવે 'હપ્તાખોરી'ના આક્ષેપો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સુધીની રજૂઆતોમાં પરિણમ્યો છે. આગામી એક સપ્તાહ સુધી ભાજપના કાર્યકરો માંડવી અને પાણીગેટ વિસ્તારમાં હાજર રહી પોલીસની કામગીરીનું 'નિરીક્ષણ' કરશે તેવા એલાને તંત્રમાં દોડધામ મચાવી દીધી છે.

ઘટનાની વિગત એવી છે કે, વોર્ડ નં. 14ના મહામંત્રી પ્રતીક શાહ ચાર દરવાજા વિસ્તારની સાંકડી ગલીમાં રહે છે, જ્યાં પાર્કિંગની સુવિધા ન હોવાથી તેમણે પોતાનું વાહન મુખ્ય માર્ગ પર પાર્ક કર્યું હતું. ટ્રાફિક પોલીસે નિયમ મુજબ તેનો ફોટો પાડી દંડની કાર્યવાહી કરી હતી. આ બાબતે સ્થાનિક કોર્પોરેટર સચિન પાટડીયાએ સ્થળ પર હાજર પી.આઈ. સમક્ષ રજૂઆત કરી હતી કે, સ્થાનિક રહીશો પાસે પાર્કિંગની જગ્યા ન હોવાથી તેઓ મજબૂરીમાં માર્ગ પર વાહન મૂકે છે, તો તેમની સામે કાર્યવાહી કેમ?

આ રજૂઆત દરમિયાન પૂર્વ કોર્પોરેટર મિનેશ શાહ અને અન્ય કાર્યકરો પણ ત્યાં દોડી આવ્યા હતા. પોલીસ અધિકારીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે મુખ્ય માર્ગ પર વાહન

પાર્ક કરવું એ નિયમનો ભંગ છે. આ ચર્ચા દરમિયાન મામલો ત્યારે બિચક્યો જ્યારે ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો કે, "પોલીસે પોતે જ માંડવી પાસે અડધો રસ્તો રોકી ચોકી બનાવી છે અને બેરીકેટિંગ કર્યું છે, જેના કારણે ટ્રાફિક જામ થાય છે. વધુમાં, સાંજે 5 થી 7 દરમિયાન રિક્ષાઓ પર પ્રતિબંધ હોવા છતાં પોલીસ હપ્તા લઈને તેમને પ્રવેશવા દે છે." આ આક્ષેપથી ઉશ્કેરાયેલા PI એ 'અમારે તમારી કોઈ જરૂર નથી' તેમ કહેતા વિવાદ વકર્યો હતો.

સમગ્ર વિવાદની જાણ જોઈન્ટ CP લીના પાટીલને કરવામાં આવતા, તેમણે ટ્રાફિકના ઉચ્ચ અધિકારી તેજલ પટેલને મળવા સૂચના આપી હતી. ભાજપના પ્રતિનિધિ મંડળે તેજલ પટેલને મળીને પોલીસના વલણ અંગે ઉગ્ર ફરિયાદ કરી હતી. ત્યારબાદ મામલો થાળે પાડવા માટે પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવી, સોમવાર અને મંગળવારે સાંજે 5 થી 7 દરમિયાન પ્રતિબંધિત વિસ્તારમાં ફરતી અનેક રિક્ષાઓ ડીટેઈન કરી દંડ વસૂલ્યો હતો. પોલીસની કામગીરીમાં બેધારી નીતિ હોવાના આક્ષેપ સાથે હવે ભાજપના કાર્યકરોએ નવો વ્યૂહ અપનાવ્યો છે. આગામી એક અઠવાડિયા સુધી ભાજપના કાર્યકરો માંડવી અને પાણીગેટ દરવાજા પાસે ઉભા રહેશે અને જોશે કે ટ્રાફિક પોલીસ ખરેખર નિષ્પક્ષ રીતે નિયમોનું પાલન કરાવે છે કે કેમ. સાથે જ, રસ્તામાં નડતરરૂપ પોલીસ ચોકી દૂર કરવા માટે પણ ઉચ્ચ સ્તરે રજૂઆત કરવાની તૈયારી બતાવી છે.

બેરોકટોક ફરતી રિક્ષાઓ સામે કેમ આંખ આડા કાન?

"જ્યારે સામાન્ય નાગરિક એક મિનિટ માટે વાહન ઊભું રાખે તો પોલીસ તરત ફોટા પાડી દાદાગીરી કરે છે, પણ ચાર દરવાજામાં પ્રતિબંધ છતાં બેરોકટોક ફરતી રિક્ષાઓ સામે કેમ આંખ આડા કાન? પોલીસે માંડવી પાસે બેરિકેટ મૂકી મુખ્ય બસ સ્ટોપ જ દબાવી દીધું છે, જેનાથી ટ્રાફિક જામ થાય છે. જો નિયમ બધા માટે સમાન હોય, તો ટ્રાફિક જામ કરતી પોલીસની એ ચોકી અને બેરિકેટને પણ મેમો ફાટવો જોઈએ!" – **પ્રતીક શાહ,** વોર્ડ મહામંત્રી, ભાજપ - વડોદરા

ટેકનોલોજી ફેકલ્ટીના વિદ્યાર્થીઓનો સ્મિત વહેંચવાનો એક પ્રયાસ: આગાઝ દ્વારા માનવતાની મહેક ફેલાવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

હથેળીમાં રાખીને જેઓ બીજાના સુખને શોધે છે, ખરેખર દુનિયામાં એ જ લોકો સાચું જીવન જીવે છે. તેવી વિચારધારા રાખનારા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા યોજાતી ઈવેન્ટ પ્રેરણા ધી ઈમેન્સિપેશનનું એક મહત્વનું અંગ આગાઝ છે. જે એક ડોનેશન ડ્રાઈવ છે.

પ્રેરણા ટીમે વડોદરાના વિવિધ પાયાની જરૂરિયાતોથી વંચિત સ્થળોની મુલાકાત લઈ ત્યાં વિવિધ જરૂરી ચીજ વસ્તુઓ જેમકે કપડાં, રમકડાં, પુસ્તકો, સ્ટેશનરી, અનાજ વગેરે જેવી વસ્તુઓ આપવામાં આવી હતી. પ્રેરણા એ દિવ્યાંગજનો માટેની એશિયાની સૌથી મોટી ઈવેન્ટ છે. દિવ્યાંગજનોના મનોબળને પ્રબળ કરતી તથા જીવનમાં કાંઈક કરી બતાવવા માટે તૈયાર કરતી પ્રેરણા ઈવેન્ટને યુનેસ્કો તરફથી 6 વખત પેટ્રોનેજ પ્રાપ્ત થયો છે તથા લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં પણ પોતાનું અભૂતપૂર્વ સ્થાન ધરાવે છે. આ ઉપરાંત, પીએમ નરેન્દ્ર મોદી તરફથી અપ્રિશીએશન લેટર પ્રાપ્ત થયેલો છે. તદુપરાંત, ગૌરવવંતી ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તરફથી પણ શુભેચ્છા પત્ર પ્રાપ્ત થયો છે. પ્રેરણાનાં ઘણા અંગો છે જેમકે અલ્ફાઝ, ડી.એ.સ્પોર્ટ્સ,ડી.એ. ઈવેન્ટ, આગાઝ, આર્ટિકો વગેરે. જે પૈકી આગાઝ એક ડોનેશન ડ્રાઈવ છે. જેમાં પ્રેરણા ટીમના વિદ્યાર્થીઓ કેટલીક પાયાની આવશ્યક ચીજ વસ્તુઓ સમગ્ર વર્ષ દરમિયાન ભેગી કરે છે તથા નિશ્ચિત એક દિવસે તેનું ડોનેશન કરે છે. સેવાની સુવાસ ક્યારેય કરમાતી નથી. આ સૂત્રને ટીમ પ્રેરણાએ ખરા અર્થમાં સાર્થક કર્યું છે.

મુખ્યમંત્રીનો આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લામાં રોડ કનેક્ટિવીટી વધુ સુદ્રઢ બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય

11 જેટલા ગામોના 18 હજારથી વધુ લોકોને જિલ્લા-તાલુકા મુખ્ય મથક સાથેની અવર-જવરની સગવડતા આપવા નર્મદા જિલ્લામાં 2 નવા બ્રિજ માટે 302.40 કરોડ રૂપિયા મંજૂર કરતા મુખ્યમંત્રી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના આદિજાતિ વિસ્તાર નર્મદા જિલ્લાના ૧૧ જેટલા ગામોના ૧૮ હજારથી વધુ લોકોને જિલ્લા મુખ્ય મથક અને તાલુકા મથક સાથેની અવર-જવરની સરળ કનેક્ટિવીટી માટેનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે

મુખ્યમંત્રીએ આ હેતુસર નર્મદા જિલ્લામાં ૨ નવા પૂલોના નિર્માણ માટે ૩૦૨.૪૦ કરોડ રૂપિયાના કામોની મંજૂરી આપી છે. *તદનુસાર, નર્મદા

જિલ્લાના રેંગણ ઘાટથી રામપુરા ઘાટ ઉપર પૂલ માટે ૧૨૩.૧૩ કરોડ અને શહેરાવ ઘાટથી તિલકવાડા ઘાટને જોડતા પૂલ માટે ૧૭૯.૨૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે

આદિજાતિ ક્ષેત્ર નર્મદા જિલ્લામાં આ બે પૂલના નિર્માણથી ઉત્તર અને દક્ષિણ વિસ્તારના તિલકવાડા, વાસણ, રેંગણ, રામપુરા, માંગરોલ અને શહેરાવ સહિતના ગામોમાં વસતા ગ્રામ જનોને પણ અવર-જવર માટે સુગમતા રહેશે તથા આ વિસ્તારમાંથી શાળા-કોલેજોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ચોમાસાના સમય દરમિયાન પણ આવવા-જવામાં સુવિધાયુક્ત રસ્તાની સવલત મળશે. એટલું જ નહિ, નાંદોદ અને તિલકવાડા તાલુકામાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન યોજાતી ઉત્તરવાહિની પરીક્રમામાં આવતા લાખો પરીક્રમા વાસીઓને ભવિષ્યમાં આ બંન્ને પૂલોનો લાભ મળવાથી કુલ ૧૭ કિલોમીટરનો ફેરાવો ઘટશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.

ખાનગી યુનિવર્સિટીની વિદ્યાર્થિનીની બદનામી થાય તેવો વીડિયો વાઇરલ

કોર્ટ વિવાદ ચાલતો હોય તેની અદાવતે વિદ્યાર્થિનીને ગર્ભીત ધમકી પણ આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

કોર્ટ વિવાદ ચાલતો હોય ત્યારે તેની અદાવત રાખીને મહિલા સહિત ત્રણ જણાએ સોશિયલ મીડિયા પર ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી યુવતીને બદનામ કરતો વીડિયો વાઈરલ કર્યો હતો. જેના કારણે કારણે યુવતીનો કામ ઓછુ થઈ જતા તેણીએ ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે.

મૂળ હરિયાણા અને હાલમાં વાઘોડિયા રોડ પર વૃંદાવન ચાર રસ્તા પાસે આવેલા પાયલ પાર્કમાં રહેતી 22 વર્ષી યુવતીએ પોલીસ ફરિયાદ નોધાવી છે કે હુ એકલી રહૂ છુ અને પારૂલ યુનિવર્સટીમાં માસ્ટર ઇન જનીલીઝમ એન્ડ માસ્ક કોમ્યુનીકેશનનો પોસ્ટ ગ્રેજ્યુએશનના બીજા વર્ષમાં અભ્યાસ કરુ છુ. ત્રણ વર્ષથી હું અભ્યાસ સાથે પ્રોફેશનલ એન્કર, સોસીયલ મીડીયા ઇન્ફ્લુએસર અને ફ્રીલાન્સ કન્ટેન્ટ ક્રિયેટર તરીકે કામ મારી સાથે સરનજીત સિંગ પણ કામ કરે છે.

હરિયાણા ખાતે કામ કરતા સરનજીતસિંગ સાથે કામ કરતી હોય જે મારા પરીવારને તેમજ ગુરજીતકોર તેની બહેન દલજીત કોર તથા તેના જીજાજી વરિન્દરપાલસિંગને પસંદ ન હતું ત્રણેય જણાને સરનજીતસિંગ સાથે જુનો કોર્ટ વિવાદ ચાલે છે. જે વિવાદના કારણે તેઓએ સોશિયલ મીડિયા પર વિડીયો અપલોડ કરી મને બદનામ કરી વિડીયોમા મને ધમકી આપી છે તેમજ તેના પતિ સાથે નાઝાયજ સબંધ હોવાનુ જણાવી મારા વિશે અપશબ્દો બોલવામાં આવ્યા છે અને આ વિડીયો વાયરલ થયાના કારણે વડોદરા ખાતે મારૂ કામ પણ ઓછુ થઈ ગયુ છે મને આર્થીક નુકશાન પહોંચાડી મારી બદનામી કરાઇ છે. જેથી પોલીસે વીડિયો વાઇરલ કરી ધમકી આપનાર ગુરજીતકૌર સરનજીતસિંગ, દલજીતકૌર વરિન્દ્રસિંગ તથા વરિન્દરપાલસિંગ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

વડોદરાના યુવાનો માટે રોજગારીની નવી ક્ષિતિજો

યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર ખાતે સફળ ભરતીમેળો યોજાયો

મુંબઈ, જામનગર અને વડોદરાની નામાંકિત કંપનીઓ દ્વારા ૧૦૦થી વધુ જગ્યાઓ માટે ઇન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરાઈ; ૩૭ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરાના આશાસ્પદ યુવાનોને પગભર કરવાના ઉમદા હેતુ સાથે, યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર (યુ.ઈ.બી.) દ્વારા આજે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતીમેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કમાટીબાગ સામે આવેલા યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની બાજુમાં સ્થિત યુ.ઈ.બી. કચેરી ખાતે યોજાયેલા આ મેળામાં વડોદરા સહિત આસપાસના વિસ્તારના અંદાજે ૧૦૦ જેટલા ઉત્સાહી મહિલા અને પુરુષ ઉમેદવારોએ ભાગ લઈ પોતાની કારકિર્દીના નવા સોપાન સર કરવા માટેની તત્પરતા દર્શાવી હતી.

આ ભરતીમેળામાં મુંબઈ, જામનગર અને વડોદરાની ત્રણ પ્રતિષ્ઠિત કંપનીઓએ સહભાગી થઈને પ્લાન્ટ ઓપરેશન એન્ડ મેઈન્ટેન્સ, ક્વોલિટી, યુટિલિટી, પ્રોડક્શન પ્લાનિંગ, વેરહાઉસ મેનેજમેન્ટ, સેફ્ટી - સાઈટ સુપરવાઈઝર અને એચ.આર. ટેલેન્ટ એક્વિઝિશન જેવી ટેકનિકલ અને નોન-ટેકનિકલ ૧૦૦થી વધુ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરી હતી. બી.ઈ., બી.ટેક., ડિપ્લોમા તેમજ એમ.કોમ અને એમ.બી.એ. તથા ગ્રેજ્યુએટ જેવી ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવી અને બિન-અનુભવી ઉમેદવારોએ આ તકનો લાભ લીધો હતો.

પ્રારંભિક ઈન્ટરવ્યુ પ્રક્રિયાના અંતે ૩૭ જેટલા તેજસ્વી ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી છે. ફાઈનલ ટેકનિકલ અને એચ.આર. રાઉન્ડ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ઉમેદવારોને વાર્ષિક રૂ. ૨.૪ લાખથી લઈને રૂ. ૮ લાખ સુધીના આકર્ષક પગાર ધોરણની ઓફર આપવામાં આવી છે. આ ઉપરાંત, ૧૦ ઉમેદવારોની એપ્રેન્ટિસ તરીકે અને ૬ ઉમેદવારોની 'બીઓબી બિઝનેસ કોરેસ્પોન્ડન્ટ' તરીકે પસંદગી કરી તેમને રોજગારીના દ્વાર ખોલી આપવામાં આવ્યા છે. રોજગારવાંચ્છુ ૨૧ જેટલા યુવાનોએ 'અનુબંધમ' પોર્ટલ પર નોંધણી કરાવી આધુનિક ટેકનોલોજીના માધ્યમથી રોજગારી મેળવવાની દિશામાં કદમ માંડ્યા છે.

યુવાનોને માત્ર નોકરી જ નહીં, પણ ઉજ્જવળ ભવિષ્ય માટેનું માર્ગદર્શન આપતા યુ.ઈ.બી.ના નાયબ વડા અલ્પેશ ચૌહાણ અને માનદ વડા શીતલ સિનખેડેએ ઉમેદવારો સાથે સંવાદ સાધ્યો હતો.

સેન્ટ્રલ બસ ડેપોમાં ગંદકી ફેલાવતા 30 મુસાફરોને રૂ. 28 હજારનો દંડ

ધુમ્રપાન તથા તમાકુજન્ય પદાર્થોના સેવન દ્વારા ગંદકી કરનારાઓ સામે એસટી તંત્રની કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, વડોદરા વિભાગ દ્વારા ડેપો તથા બસ સ્ટેશન પર સ્વચ્છતા અને જાહેર આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર ધુમ્રપાન, તમાકુ, ગુટખા તથા પાન મસાલાના સેવનથી થતી ગંદકી રોકવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા અંગે મુસાફરો તથા જનતા વચ્ચે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે તથા નિયમોના પાલન માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

તા. ૧ ફેબ્રુઆરીથી ૨૫ ફેબ્રુઆરી દરમ્યાન વડોદરા વિભાગના વિવિધ ડેપો અને બસ સ્ટેશનો ખાતે ચકાસણી કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં જાહેર સ્થળોએ ધુમ્રપાન તથા તમાકુજન્ય પદાર્થોના સેવન દ્વારા ગંદકી કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી. આ દરમ્યાન કુલ ૩૦ કેસ નોંધવામાં આવ્યા છે તથા આશરે રૂ. ૨૮૦૦ જેટલી દંડ રકમ વસૂલ કરવામાં આવી છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, વડોદરા વિભાગ દ્વારા મુસાફરો અને નાગરિકોને જાહેર સ્થળોએ ધુમ્રપાન, તમાકુ, ગુટખા તથા પાન મસાલાનું સેવન ન કરવા તથા સ્વચ્છતા જાળવવા માટે સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

વડોદરા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા 14 માર્ચે લોક અદાલત

(પ્રતિનિધિ) વડોદરા તા.24

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, વડોદરા દ્વારા નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરીટીના નેજા હેઠળ, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસિસ ઓથોરીટીના માર્ગદર્શન તેમજ વડોદરાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીના ચેરમેનશ્રીની અધ્યક્ષતામાં આ વર્ષની પહેલા મેગા નેશનલ લોક અદાલતનું તા. ૧૪/૦૩/૨૦૨૬ ને શનિવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં વડોદરા શહેર તથા તાલુકા કોર્ટોમાં ફોજદારી સમાધાન લાયક ગુનાના કેસો, નેગો એક્ટ કલમ ૧૩૮ ના કેસો, ફક્ત નાણાની વસૂલાતના કેસો, મજૂર તકરારના કેસો, ઈલેક્ટ્રીસીટી એન્ડ વોટર બીલ્સ (નોન કંપાઉન્ડેબલ કેસોને બાદ કરતા), લગ્ન વિષયક તકરારનાં (છૂટાછેડા સિવાયના) કેસો, જમીન સંપાદન રેફરન્સના કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃતિના લાભોને લગતા કેસો, મહેસૂલ કેસો, અન્ય દિવાની કેસો (ભાડા તકરાર, સુખાધિકાર, મનાઈ હુકમના, વિશિષ્ટ પાલનના દાવા) વગેરે કેસોનો સમાધાનથી નિકાલ કરાશે.

કન્સ્ટ્રક્શન ટેકનોલોજી વિષયને લગતા અનેક મોડેલ્સ

પોલિટેકનિક કોલેજના સિવિલ એન્જિ. ડિપાર્ટમેન્ટ દ્વારા વિવિધ મોડેલનું પ્રદર્શન

શિક્ષકો અને વાલીઓના વોટીંગ દ્વારા વિઝીટર ચોઇસ એવોર્ડ અપાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.24

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પોલિટેકનિક કોલેજના સિવિલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા સિવિલાઈઝેશન શીર્ષક સાથે વિદ્યાર્થીઓએ કન્સ્ટ્રક્શન ટેકનોલોજી વિષયને લગતા મોડેલ્સ બનાવ્યા હતા. જેનું પ્રદર્શન પોલિટેકનિક ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં વિજેતાઓને એવોર્ડથી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

અમેરિકન સરકાર સાથે કન્સ્ટ્રક્શન પ્રોજેક્ટસમાં સંકળાયેલા છે. તેવા શહેરના જાણીતા બિલ્ડર અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નીતિન શાહ, અશેષ શાહ તથા જીગ્નેશ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પોલિટેકનિકના પ્રિન્સિપાલ પ્રોફેસર ધનેશ પટેલ દ્વારા સૌ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવામાં

આવ્યો હતો. ડિપાર્ટમેન્ટ હેડ હિતેશ ધામેચાએ જણાવ્યું હતું કે, ડિપાર્ટમેન્ટ દ્વારા પહેલી વખત આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદર્શનની સાથે સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. જ્યુરી દ્વારા ટેકનિકલ પાસાઓ ચકાસીને વિજેતાઓ નક્કી કરવામાં આવ્યા હતા. જ્યારે શિક્ષકો અને વાલીઓ દ્વારા વોટીંગ દ્વારા વિઝીટર ચોઇસ એવોર્ડ આપવામાં આવ્યો હતો. રાફ્ટ ફાઉન્ડેશન પ્રથમ ક્રમે, રુફ ટ્રસ બીજા ક્રમે તથા પાઈલ ફાઉન્ડેશનના મોડલને ત્રીજા ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિઝીટર ચોઈસ એવોર્ડ ડેડ શોર ના મોડલ ને મળ્યો હતો. આ આયોજનમાં સિવિલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ ના બધા જ પ્રાધ્યાપકો અને કર્મચારીઓએ સહકાર આપ્યો હતો. ઈવેન્ટના કોઓર્ડિનેટર તરીકે ડો. દ્રષ્ટિ કાપડિયા, રેશમા પટેલ, જીનલ શાસ્ત્રી તથા ચિરાયુ પંડિતે જવાબદારી પાર પાડી હતી.

સિંધ કો.ઓપ. ક્રેડિટ સોસાયટીના સ્થાપના દિને "એક સિંધી ઝાયકા"ની ઉજવણી

વડોદરા : વડોદરા શહેરમાં સિંધ કો.ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ અને સિંધુ સદભાવના સમિતિના સંયુક્ત ઉપક્રમે સતત બીજા વર્ષે સિંધ કો.ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડના સ્થાપના દિન નિમિત્તે "એક સિંધી ઝાયકા" નામે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન વારસિયા સ્થિત જીએનવી સ્કૂલના રમતગમત મેદાનમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સિંધી સમાજની સાંસ્કૃતિક ધરોહર, રીત-રિવાજ અને પરંપરાગત ખાણી-પીણી નવી પેઢી સુધી પહોંચે અને સમાજમાં એકતા અને સૌહાર્દ જળવાઈ રહે તેવો હતો. કાર્યક્રમમાં સિંધી સમાજની વિવિધ પરંપરાગત વાનગીઓના અનેક સ્ટોલ્સ રાખવામાં આવ્યા હતા, જ્યાં શહેરમાંથી મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહી સિંધી વાનગીઓની મિજબાની માણી હતી. કાર્યક્રમમાં સિંધ ક્રેડિટ સોસાયટીના પ્રમુખ રમેશભાઈ જ્ઞાનચંદાની, ઉપપ્રમુખ સુનિલભાઈ બાલાની, માનદ મંત્રી રમેશભાઈ રામરખીયાની તેમજ તમામ કારોબારી સભ્યો અમદાવાદના ધારાસભ્ય પાયલબેન પોખરાણી ઉપસ્થિત રહ્યા હતા.

ચાર દિવસીય રાષ્ટ્રીય સ્પર્ધામાં 32 ટીમો, 512 ખેલાડીઓની ભાગીદારી

વડોદરામાં 72મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા. 22

વડોદરા શહેર વધુ એક રાષ્ટ્રીય રમતોત્સવની યજમાની માટે સજ્જ બન્યું છે. એમેચ્યોર કબડ્ડી ફેડરેશન ઓફ ઈન્ડિયા (AKFI)ના નેજા હેઠળ ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશન અને વડોદરા કબડ્ડી એસોસિએશન દ્વારા આયોજિત *72મી સિનિયર નેશનલ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026 (મેન્સ)*નો ભવ્ય પ્રારંભ થયો છે. આ ચાર દિવસીય સ્પર્ધા તા. 24થી 27 ફેબ્રુઆરી દરમિયાન વડોદરાના સમા વિસ્તારમાં આવેલા એસએજી ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાશે.

શુભારંભ પ્રસંગે ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિએશનના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી અને એકલવ્ય એવોર્ડી તુષાર આરોઠેએ જણાવ્યું હતું કે, માજી સાંસદ શ્રીમતી રંજનબેન

ભટ્ટના માર્ગદર્શન હેઠળ આયોજિત આ સ્પર્ધામાં દેશભરના 32 ટીમોના 512 વર્લ્ડ-ક્લાસ ખેલાડીઓ અને 40 અધિકારીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધામાં પ્રો-કબડ્ડીના સ્ટાર ખેલાડીઓ પોતાના રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

આ ચેમ્પિયનશિપ દરમિયાન આગામી એશિયન ગેમ્સ માટે સંભવિત ભારતીય ટીમના ખેલાડીઓની પસંદગી થશે. સાથે જ અનેક અર્જુન, દ્રોણાચાર્ય અને પદ્મશ્રી એવોર્ડી ખેલાડીઓની હાજરી સ્પર્ધાને વિશેષ ગૌરવ આપશે. વડોદરાએ ફરી એક વખત રમતગમતના રાષ્ટ્રીય નકશા પર પોતાનું મહત્વ સાબિત કર્યું છે.

રૂપિયાની લેતીદેતીમાં મારામારી કરનાર 4 સગીર સહિત 6 ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

રૂપિયાના લેતી દેતી મુદ્દે સુસેન સર્કલ પાસે બે જુથ્થના યુવકો વચ્ચે ઝઘડો થયા બાદ મારામારીના દ્રશ્યો પણ સર્જાયાં હતા. જેથી મરપુરા પોલીસે બંને પક્ષોની સામસામે ફરિયાદ નોંધી આગળની 4 કિશોર સહિત 6 આરોપીની ધરપકડ કરી છે.

વડોદરા શહેરના સુસેન ચાર રસ્તા રજવાડી ચાની કિટલી પાસે ગત 23 ફેબ્રુઆરીના રોજ ઈવેન્ટમા કામ કરવાના રૂપિયાની લેતીદેતીમાં બે જૂથના લોકો વચ્ચે ઝઘડો થયો હતો. જેમા બંને જુથના લોકો દ્વારા સામસામે મારામારી કરવા લાગ્યાં હતા અને એકબીજા પર લાકડીઓ તથા પટ્ટાથી હુમલો કર્યો હતો. જેની મકરપુરા પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેથી પોલીસ દ્વારા બંને જુથના લોકોમાંથી લક્કીસિંગ સુનિલસિંગ રાજપૂત, દીપક દિગ્વિજય પાંડે તથા કાયદાના સંઘર્ષમાં આવેલા ચાર કિશોર સહિત 6 આરોપીઓની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે.

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited for "Providing shed at terrace floor of police station with required furniture for CCC building and other misc. work of Corporate office, DGVCL, Surat". Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

Sr. No.	Tender No.	Estimated Cost
1	DGVCL/Civil/Police Station Shed/ 2026/286	Rs.25,85,302.50 (Including GST)

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. **ACE (P), DGVCL, Surat.**

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Ankleshwar Rural Division
Near ONGC Workshop, Ankleshwar 393 001
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice No. ANKR/O&M/TECH/2025-26 Adv. No. 08/2025-26

Tenders are invited for hiring of vehicles; Transformer replacement; Erection and maintenance of HT/LT lines & TC work and underground cable work for various sub-divisions under Ankleshwar Rural Division. The details are available on www.dgvcl.com and http://dgvcl.nprocure.com.

EE (O&M), Ankleshwar Rural Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ
વડોદરા શાખા : નં. ૨૦૬, પહેલો માળ, અર્થ કોમ્પ્લેક્ષ, મલ્હાર પોઈન્ટની પાસે, જુનો પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૧૫.

ઉધારકર્તાઓ / જામીનદારોની નોટીસ

કલમ ૧૩(૨) હેઠળ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ - ૨૦૦૨

ઉધારકર્તા : શ્રી મહેન્દ્રસિંહ બી વાલા S/O શ્રી બદુકસિંહ એમ વાલા, પ્લોટ નં. બી/૩૦૨, ત્